શ્રમ આયુક્તશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં-૦3, E1, E2, F2 વીંગ,
પહેલો માળ, કર્મયોગી ભવન,
સેક્ટર ૧૦- એ, ગાંધીનગર
Web: www.col.gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ.૬/ટે.3/૨૦૨૬/૫૨૫ તા: ૦૫/૧૦/૨૦૨૬

# પરિપત્ર

## કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળના લઘુત્તમ વેતન દર બહાર પાડવા બાબત.

આથી જણાવવામાં આવે છે કે, કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં(૪)માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જે અનુસૂચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લઘુત્તમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે-તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લઘુત્તમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહે છે. પરંતુ જે વ્યવસાયોનો લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળની અનુસૂચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસૂચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સત્તાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાની થતી મજૂરીના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા.૨૪-૦૪-૨૦૨૩થી અમલમાં છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર (રૂ./-) | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ |
| ૨ | અર્ધ કુશળ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| 3 | બિન કુશળ | ૪૫૨.૦૦ | ૪૪૧.૦૦ |

**આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ**

(ક) ઝોન-૧ ગુજરાત રાજયમાં, ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સતામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

(ખ) ઝોન-૨ માં,ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉકત નકકી કરવામાં આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. આથી નિયત કરેલ મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું તા.૦૧.૧૦.૨૦૨૬ થી તા.૩૧.૦૩.૨૦૨૭ સુધીના ૬ (છ) માસના સમય માટે દૈનિક રૂા.૭૨.૫૦ (અંકે બોત્તેર રૂપિયા અને પચાસ પૈસા પૂરા) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સત્તાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

શ્રમ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ક્રમાંક:શ્ર.આ.૬/ટે-૩/૨૦૨૬/૫૨૬ થી ૫૪૭ તા. ૦૫/૧૦/૨૦૨૬

નકલ રવાના:

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર..

(૨) નાયબ શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
(તાબાની કચેરીઓને જાણ કરવા સારૂ)

(૩) કચેરીની સર્વે શાખાઓ,૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઇ.ટી.સેલ

(૪) શાખાની સિલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ

રવાના કરવા પ્રમાણિત કર્યુ.

05/10/26

મદદનીશ શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર